જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૬/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૧૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૭૩ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૯ બીયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૯૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૨૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૨૧/૨૦૨૬**

આનંદનગરઃ પૂજન સુનિલભાઈ પરીખ (ઉ.વ.૩૫) (રહે. નિલકંઠ એલીગન્સ માધવ માણેક એપાર્ટમેન્ટ સામે રેડોયો મિર્ચી ટાવર પાસે આનંદનગર) એ તા.૧૧/૦૬/૨૦૨૬ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી તકશીલ મયંકભાઇ શાહ (રહે. મંગલમુર્તી એપાર્ટમેન્ટ નારણપુરા ટેલીફોન એક્ષચેન્જ સામે નારણપુરા) એ પોતાની "પિતૃકૃપા મોટર્સ લીમીટેડ કંપની" છે તેમ જણાવી તેઓની કંપનીમાં રોકાણ કરશો તો દર મહીને ૨ % નફો મળશે તેમ જણાવી લોભામણી લાલચ આપી તા.૦૯/૦૭/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પુજન પરીખ પાસેથી રોકાણના બહાને ટુકડે–ટુકડે રૂપિયા ૧,૫૦,૦૦૦/– મેળવી લઇ વળતર કે નફો નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રતુભાઇ રામજીભાઇ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૮૨૨/૨૦૨૬**

"એમ" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ પ્રહલાદજી છનાજી ઠાકોર (ઉ.વ.૬૭) (રહે.) તા.૧૧/૦૬/૨૦૨૬ સવારના ૧૦/૨૦ વાગ્યાના સુમારે એસ.પી.રીંગ રોડ સનાથળ બાકરોલ રોડ અંબર એસ્ટેટ–૧ સામેથી એક્ટીવા ચલાવી પત્ની સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે આઈવા કંપનીના ડમ્પરના ચાલકે ડમ્પર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા પ્રહલાદજી ઠાકોર તેમજ તેમના પત્ની એક્ટીવા ઉપરથી નીચે પડી જતા ડમ્પરનું ટાયર પ્રહલાદજી ઠાકોરના માથા ઉપર ફરી વળતા ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતું. જયારે તેમના પત્નીને નાની–મોટી ઈજાઓ થઈ હતી. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર પ્રહલાદજી ઠાકોરના પુત્ર નટવરજી ઠાકોર એ "એમ" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.વી.પંડ્યા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૮૨૩/૨૦૨૬**

ઘાટલોડીયાઃ હરિકિષ્ણ સતિષન કુરૂપ (ઉ.વ.૨૫) (રહે. મારુતિ એપાટમેન્ટ સ્વામિનારાયન મંદિર સામે કે.કે.નગર ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૬/૨૦૨૬ કલાક ૦૦/૦૦ થી કલાક ૦૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતભાઇ ભાઇલાલભાઇ ચલાવે છે.

ચાંદખેડાઃ પ્રણવ સ/ઓ જસવંતલાલ દરજી (ઉ.વ.૪૫) (રહે. સ્કાયવોક સોસાયટી માનસરોવર રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને ચાંદખેડા આર્બન હેલ્થ સેન્ટર ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી કૈલાસબહેન શંકરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી